# પરમાત્માની યાદથી પ્રાપ્ત શક્તિઓ

મનુષ્ય કર્મ કરતાં પોતાને આત્મા સમજીને પરમપિતા પરમાત્માના અખૂટ જ્ઞાન, અમાપ શક્તિઓ અને દિવ્ય ગુણોનું ચિંતન કરે તેને જ યોગ અથવા યાદ કહેવામાં આવે છે. આ રીતે પોતાની કર્મેન્દ્રિયોના રાજા બનવું અને સંપૂર્ણ સ્વપરિવર્તન લાવવું, જે વિશ્વપરિવર્તન લાવે છે. રાજયોગથી ચિત્રમાં દર્શાવ્યા મુજબની ૮ શક્તિઓ દરેક આત્માને પરમાત્મા તરફથી ભરપુર માત્રામાં પ્રાપ્ત થાય છે. દરેક આત્મામાં આ બધી શક્તિઓ વત્તા-ઓછા પ્રમાણમાં હાય છે પરન્તુ તમામ શક્તિઓ ભરપુર નથી, જે દેવતાઓ કે દેવદૂતમાં છે. પરમાત્મા સર્વ-શક્તિવાન અને તમામ શક્તિઓના સાગર છે, આથી તેમને યાદ કરવાથી "જેવુ વિચારો તેવા બનો" અને અર્ધ-જાગૃત મનના સિધ્ધાંત પ્રમાણે પરમાત્માની શક્તિઓ પ્રાપ્ત થાય છે, જેની સમજ નીચે મુજબ છે.

**<u>૧. સમાવવાની શક્તિ:</u>** સમાવવાની શક્તિનું જ્વલંત ઉદાહરણ ચિત્રમાં દર્શાવ્યા મુજબ પાણીનો સાગર છે. સાગરમાં ગંગાજળ હોય કે ગન્દુ પાણી હોય પરન્તુ સાગર તેને સમાવી લે છે. માનવ જીવનમાં પણ અનેક પરિસ્થિતિ, માનવીઓ, પડકાર, પ્રશ્નો, વિધ્નો વગેરે કાર્મિક હિસાબ કિતાબ મુજબ આવવાના જ છે. આથી તેની સામે શા માટે, શું, ક્યારે, કોણ, ક્યાં, કેવી રીતે વગેરે પ્રશ્નો કરીને પોતાની શક્તિનો વ્યય ના કરીને તેનુ સમાધાન કરવામાં જ સાર છે. તેનો સહર્ષ સ્વીકાર કરીને આગળ વધવામાં પોતાની શક્તિનો સંચય થાય છે, જેનો ઉપયોગ ઉકેલ લાવવામાં થાય છે. રાજયોગનાં અભ્યાસથી સમાવવાની શક્તિમાં વધારો થાય છે.

**<u>૨. સહન શક્તિ:</u>** ફળોથી લથપથ ઝાડને બાળક પથ્થર મારે તો સામે પથ્થર નથી મારતુ પણ મીઠુ ફળ આપે છે. આવી રીતે માનવ સામે પથ્થરરૂપે પરિસ્થિતિ, લોકો, પ્રશ્નો, પડકારો, વિધ્નો વગેરે આવે છે, જે આપણા ભૂતકાળના કર્મોનો હિસાબ-કિતાબ છે. આથી થોડી સહનશક્તિ કેળવીને તેની પ્રતિક્રિયા (reaction) આપવાને બદલે પ્રતિસાદ (response) આપવાનો છે, જેથી આપણા કાર્મિક હિસાબ-કિતાબ આગળ ના વધે. પ્રકૃતિનાં સિધ્ધાંત મુજબ "વાવો તેવું લણો" અને તે પણ વ્યાજ સહિત અર્થાત્ નકારાત્મક પ્રતિક્રિયા વધુ નકારાત્મક બનીને ભવિષ્યમાં આપણી સામે આવે છે. આથી પ્રતિક્રિયા આપવાને બદલે પ્રતિસાદ આપવાથી તેનો નિકાલ આવે છે. કોઈ પણ ક્રિયાને સમજીને આપણી ભૂલ હોય તો સુધારી લેવી અને ના હોય તો શાંત ચિત્તે પ્રતિસાદ આપીને ભૂલી જવામાં અને માફી આપી દેવાથી તેનો નિકાલ થાય છે. ઉદાહરણ તરીકે, અકસ્માત થાય તો નુકશાન વળતર લેવામાં અથવા પોલીસ કાર્યવાહી કરવામાં સાર છે, ઉગ્ર બોલાચાલી કે ઝઘડો કરવામાં સાર નથી, જે પ્રતિક્રિયા છે. રાજયોગનાં અભ્યાસથી  સહનશક્તિમાં ઘણી વૃધ્ધિ થાય છે.




**3. <u>સમેટવાની શક્તિ:</u>** કોઈપણ વ્યક્તિ અમુક દિવસો માટે ઘરની બહાર ફરવા કે યાત્રા કરતી વેળા સાથે ઘરનો તમામ સામાન લઈ જતી નથી, પરન્તુ બહુજ જરૂરી દૈનિક ઉપયોગી વસ્તુઓ જ સાથે લઈને જાય છે. હવે આ દુનિયાની હાલત જોતા પરિવર્તનનો સમય ખૂબ નજીક હોવાથી બધુ છોડીને જવાનુ છે, અર્થાત્ ચીજ વસ્તુઓને છોડવાની જરૂર નથી પરંતુ તેના વગર જીવન જીવવાની કળા શીખવાની છે, મતલબ કોઈપણ વ્યક્તિ કે વસ્તુનો મોહ છોડવાનો છે, જેને સમેટવાની શક્તિ કહેવામાં આવે છે. રાજયોગના અભ્યાસ દ્વારા સમેટવાની શક્તિનો વિકાસ થાય છે.

**૪. <u>સંકેલવાની શક્તિ:</u>** પાણીમાં રહેતો કાચબો જ્યારે જરૂર પડે ત્યારે કર્મેન્દ્રીયો પ્રસારીને પોતાનુ કાર્ય કરે છે અને કાર્ય પૂર્ણ થતા પોતાની ઢાલમા વિશ્રામ કરે છે. કોઈપણ વ્યક્તિ આ રીતે પોતાના કાર્યમાથી અમુક સેકન્ડ કે મિનિટનો સમય કાઢીને પણ વચ્ચે વચ્ચે પરમાત્માને યાદ કરી શકે અને વિરામનો અનુભવ પણ કરી શકે. આ પ્રક્રિયાને "ટ્રાફિક કંટ્રોલ" અર્થાત્ વિચારોને નકારાત્મક તરફથી વાળીને સકારાત્મક બનાવવાના છે. આ કાર્ય દર કલાકે પણ કરી શકાય જે "એપ સ્ટોર" ઉપર વીના મૂલ્યે પ્રાપ્ત છે. આ વિચાર પરિવર્તનની પ્રક્રિયાથી સંકેલવાની શક્તિ વધે છે, જે રાજયોગનો ભાગ છે. દરેક આત્મા પરમાત્મા પાસેથી આ શક્તિ મેળવે છે, જેની યાદગાર શિવમંદિરમાં કાચબાની છે.

**<u>૫. સહયોગ શક્તિ:</u>** પરમાત્મા સૃષ્ટિ પરિવર્તન અર્થાત્ કલીયુગમાથી સતયુગ બનાવે છે પણ તેમણે પોતાનુ શરીર નથી. આથી આત્માઓના સહકાર દ્વારા આ કાર્ય કરે છે. આ કાર્ય સૂક્ષ્મ રીતે કરે છે અર્થાત્ કોઈપણ સંપત્તિની તેમને જરૂર નથી પરંતુ માનવ આત્માઓની હકારાત્મક વિચાર શક્તિ દ્વારા કરે છે. કોઈપણ વ્યક્તિ પોતાના વિચારોને પરમાત્માની યાદ દ્વારા હકારાત્મક બનાવીને પોતાનો સહયોગ આપી શકે છે. રાજયોગ દ્વારા સહયોગ શક્તિમાં પ્રચંડ વધારો થાય છે, કારણ કે રાજયોગ વિચાર પરિવર્તનનો ઉચ્ચતમ માર્ગ છે.

**<u>૬. સામનો કરવાની શક્તિ:</u>** શેકસ્પિઅરની વિચારધારા મુજબ દરેક વ્યક્તિ આ સૃષ્ટિ ઉપર પોતપોતાનુ પત્ર ભજવે છે. શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ સામાન્ય રીતે નજીકની બે વ્યક્તિ સાથે મૃત્યુ પામતી નથી અર્થાત્ દરેક વ્યક્તિ પોતાના કર્મ અનુસાર ભાગ્ય ભોગવે છે. જ્યારે કોઈપણ નજીકની વ્યકિત શરીર છોડે તો દુખની લાગણી સ્વભાવિક ઉત્પન્ન થાય, પરન્તુ તે સમયે શરીર છોડી દેનાર આત્મા પણ દુખમાં છે. કોઈપણ આત્માને પોતાના શરીર સાથે મહત્તમ લગાવ હોવાથી શરીર ત્યાગ પસંદ નથી. આવા સમયે શરીર છોડી દેનાર આત્માને શાંતિ અને શક્તિની જરૂર છે. આથી આ સમયે રડીને કે દુખ વ્યક્ત કરવાને બદલે તે આત્મા માટે શાંતિ કે સુખની પ્રાર્થના કરવી ઉત્તમ છે. શરીર ધારણ કરનાર આત્માનુ મૃત્યુ નિશ્ચિત છે, તો શરીર છોડી દેનાર આત્માની શાંતિ માટે હકારાત્મક વિચાર ખુબ જ  મદદ કરે છે. રાજયોગ દ્વારા સામનો કરવાની શક્તિનો ધીરે ધીરે વિકાસ થાય છે.

**<u>૭. નિર્ણય શક્તિ:</u>** રાજયોગની મદદથી વિચાર પરિવર્તન સકારાત્મક બને છે, જેનાથી વિચારોની સંખ્યામાં ઘટાડો થાય છે. આથી વ્યક્તિની શક્તિઓની બચત થાય છે, જે કોઈપણ પરિસ્થિતિમાં નિર્ણય કરવાની શક્તિમાં વધારો કરે છે. વ્યક્તિને યુધ્ધ જેવી પરિસ્થિતિમાં પણ શાંત, સ્થિર, અચળ, અડોળ અને ઠંડો રાખે છે, જેનુ ઉદાહરણ શાસ્ત્રોમાં યુધિસ્થિર છે. નિર્ણય શક્તિમાં વધારો થવાથી વ્યક્તિની કાર્યક્ષમતાં પણ વધે છે.

**<u>૮. પરખવાની શક્તિ:</u>** હીરાનો વ્યાપારી હીરા પારખી શકે છે, તેજ રીતે રાજયોગી આત્મા કોઈપણ આત્માને પારખી શકે છે. કોઈપણ વ્યક્તિના વિચાર વાંચી શકે છે. પોતાના વિચારોથી સામેના વ્યક્તિના વિચારોને હકારાત્મક પણ બનાવી શકે છે. હકારાત્મક વિચારના તરંગો દ્વારા કોઈપણ વ્યક્તિ ભાવના, લાગણી, વૃત્તિનુ પરિવર્તન કરી શકે છે, જેને “વૈચારિક રેકી” પણ કહી શકાય.

માનવ વિચારોમાં અમાપ શક્તિઓ રહેલી છે, માટે જ કહેવત છે, "સંકલ્પ દ્વારા બ્રહ્માએ સૃષ્ટિની રચના કરી". વિચારોની શક્તિ મહાન શક્તિ છે, જે રાજયોગના અભ્યાસનો આધાર છે. દરેક માનવ આત્મા બ્રહ્મા સમાન છે, જે પોતાના વિચારોના સર્જક છે, જેના આધારે સ્વપરિવર્તન થાય છે. શિવશક્તિ માતાજીઓને 8 હાથ દર્શાવવામાં આવે છે, તે

પણ આત્માઓએ પરમાત્મા પાસેથી પ્રાપ્ત કરેલી શક્તિઓનું ચિત્રણ છે. માનવનું સ્વપરિવર્તન જ વિશ્વપરિવર્તનની આધારશિલા બને છે.

ચાલો આપણે રાજયોગ ધ્યાન કરીએ. આપણે અનન્ય પ્રકાશનો સ્ત્રોત અથવા પ્રકાશ બિંદુ છીએ. આપણે પરમાત્માણ સંતાન છીએ, જે પ્રકાશ સ્વરૂપ છે, જેવો પ્રેમથી બાબા એટલે કે પિતા તરીકે ઓળખાય છે. તેવો સર્વોચ્ચ ધામમાં રહે છે, તમામ દૈવી ગુણો ધરાવે છે અને તેમની શક્તિઓથી દૈવી કાર્યો કરે છે. પોતાને શક્તિશાળી, શુધ્ધ આત્મા સમજીને પરમાત્માને યાદ કરવાથી તેમની શક્તિઓનો પ્રવાહ આપણામાં આવે છે, કારણ કે "જેવું વિચારો તેવા બની જવાય". પરમાત્માને દિલથી યાદ કરવાથી તેમની શક્તિઓ જેવી કે સમાવવાની શક્તિ, સહનશક્તિ, સમેટાવાની શક્તિ, સંકેલવાની શક્તિ, સહયોગ શક્તિ, સામનો કરવાની શક્તિ, નિર્ણય શક્તિ અને પરખવાની શક્તિ ભરપૂર માત્રામાં પ્રાપ્ત થાય છે. દરેક આત્મા પરમાત્મા પાસેથી ૮ શક્તિઓ પ્રાપ્ત કરે છે, જેને કારણે હિન્દૂ ધર્મમાં કોઈ દેવી-દેવતાઓને આઠ હાથવાળા દર્શાવવામાં આવે છે, જે એક રૂપક તરીકે દર્શાવિલ છે. પરમાત્માના સંતાન હોવાને કારણે, આપણે તેમના જ્ઞાન, શક્તિઓ અને ગુણોના માસ્ટર સાગર છીએ. આપણે તેમની શક્તિઓને આસપાસના વાતાવરણમાં સ્પંદનો દ્વારા ફેલાવીએ કે જેથી તમામ આત્માઓ અને પ્રકૃતિના તત્વો પણ તેમની શક્તિઓ દ્વારા શાંતિપૂર્ણ, શક્તિશાળી અને શુધ્ધ બને. આવા વિચાર પરિવર્તનથી સ્વ-પરિવર્તન થાય છે, જે વિશ્વ-પરિવર્તનનો આધાર બને છે.